૧૬/૨/૧૫ – સોમવાર

પેજ-૬ **ગુજરાત સમાચાર** (રાજકોટ આવૃત્તિ)




સોમનાથમાં આયોજીત સંસ્કૃત સંમેલનને ગુજરાત રાજ્યના ગવર્નર પ્રો. ઓમપ્રકાશ કોહલીએ સંબોધ્યું હતું. (તસ્વીરઃ દિપક કક્કડ)

### સોમનાથમાં સંસ્કૃત સંમેલનને સંબોધતા ગુજરાતના ગવર્નર

# સંસ્કૃત ભાષાએ શ્રીમદ ભગવત ગીતા જેવો ઉત્તમ ગ્રંથ આપ્યો છેઃ કોહલી

રાજકોટ, રવિવાર

સોમનાથમાં સંસ્કૃત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાતના રાજ્યપાલે જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષાએ ગીતાજી જેવો મહાન ગ્રંથ આપ્યો હતો.

## ચરીત્ર નિર્માણની ભાષા તરીકે ઓળખાતી સંસ્કૃતને જન-જન સુધી પહોંચાડવી આવશ્યકઃ સંસ્કૃતના પ્રચાર-પ્રસારમાં ૫૦૦ જેટલા સંમેલનો આર્શિવાદરૂપ

સોમનાત ટ્રસ્ટ, સંસ્કૃત યુનિવર્સિટી અને સંસ્કૃત ભારતી સંયુક્ત ઉપક્રમે તા. ૯થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન સંસ્કૃત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાષાએ ગીતા જેવો અનુપમ ગ્રંથ, કાદંબરી, ચાણક્ય નીતિ, ખગોળશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર જેવું સાહિત્ય પ્રદાન કરેલ છે. સંસ્કૃતના લેખકોએ જીવનની વિવિધતાની સાચી દિશા

૫૦૦ જેટલા સંમેલનોથી સંસ્કૃત ભાષાને જન-જનની ભાષા બનાવવા સર્વના સહયોગ આવશ્યક હોવાનું જણાવ્યું હતું.

રાજ્યપાલ કોહલીએ સંસ્કૃત ભાષાના પ્રસાર-પ્રચાર માટે વાતાવરણ બનાવવા તેમજ પ્રેરણા જગાડવા આ પ્રકારના સંમેલનો ઉપયોગી હોવાનું જણાવ્યું હતું. વિદેશી સંસ્કૃત પ્રેમી શ્રી હોરેસ વિલ્સન અને ભારતના પુર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના સંસ્કૃત ભાષા વિશેના વિચારો રજુ કરી સંસ્કૃત ભાષાને મુલ્યવાન ધરોહર તરીકે બિરદાવી હતી.

# વેરાવળ સંસ્કૃત યુનિવર્સિટીમાં આજે પદવીદાન સમારોહ

વેરાવળ, તા.૧૫

વેરાવળની સંસ્કૃત યુનિવર્સિટીમાં આવતીકાલે સોમવારે રાજ્યપાલની હાજરીમાં પદવીદાન સમારોહ યોજવામાં આવશે. વેરાવળની સંસ્કૃત યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો શાસ્ત્રી બી.એ., આચાર્ય એમ.એ., પીજીડીસીએ, શિક્ષા શાસ્ત્રી બીએડ; તત્વાચાર્ય એમફીલ, વિદ્યાવારીધી પીએચડી સહિતનાં ૧૭૦૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવા માટે તા. ૧૬મીએ સોમવારે પદવીદાન સમારોહ યોજાશે. જેમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી સહિતનાં મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે.

### રાજ્યપાલની હાજરીમાં વિદ્યાર્થીઓને અપાશે પદવી

**સમાચારો ટૂંકાણમાં**

## મંગળપર ગામે દાઝી ગયેલી મહિલાનું મોત

અમરેલી, તા.૧૫

૯ દિવસ પૂર્વે લાઠીના મંગળપર ગામે ઘેર રસોઈ બનાવતી ...

૧૬/૨/૨૦૧૫ – સોમવાર.
ગુજરાત સમાચાર – પેજનંબર-૬
રાજકોટ આવૃત્તિ

# સંસ્કૃત ભાષાએ ગીતાજી જેવો અનુપમ ગ્રંથ આપ્યો છે: રાજ્યપાલ

## સોમનાથ ટ્રસ્ટ, સંસ્કૃત યુનિવર્સિટી, સંસ્કૃત ભારતીના ઉપક્રમે સંસ્કૃત સંમેલન યોજાયું



વેરાવળ, તા.૧૫: ગિર સોમનાથ જિલ્લામાં તાજેતરમાં સંસ્કૃત સંમેલન યોજાયું હતું. સંમેલનના અંતિમ દિવસે સોમનાથ મંદિર પરિસરમાં રાજ્યના રાજ્યપાલ શ્રીઓમપ્રાશ કોહલીની ઉપસ્થિતિમાં સંમેલન સમાપન કાર્યક્રમ યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ સ્થાને બોલતા રાજ્યપાલશ્રી ઓમકાર કોહલીએ સંસ્કૃતને પ્રાચિન ભાષા તરીકે ગણાવી, સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા અન્ય ભાષા કરતા જુદી કઇ રીતે છે તે વિસ્તૃત પણે જણાવી સંસ્કૃત ભાષાએ ગીતા જેવો અનુપમ ગ્રંથ, કાદંબરી, ચાણક્ય નીતિ, ખગોળશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, જેવું સાહિત્ય પ્રદાન કરેલ છે. તેમ જણાવતાં સંસ્કૃત ભાષા ચારિત્ર નિર્માણ સાથે સાથે સંસ્કૃત આપણી ઓળખ હોવાનું જણાવ્યું હતું.

પ્રારંભે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રો.જે.ડી. પરમારે સોમનાથ ક્ષેત્રમાં આયોજીત આ સંમેલનને સફળતા બદલ શુભેચ્છા પાઠવી શ્રીસોમનાથ ટ્રસ્ટ દ્વારા થતી સંસ્કૃત પાઠશાળાની પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી.

રાજ્ય મંત્રી શ્રી જશાભાઇ બારડે સંસ્કૃત ભાષાને સન્માનિત ભાષા તરીકે દરજ્જો મળે તે અંગે રાજ્ય સરકાર તરફથી પુરતો સહયોગ સાપડશે તેવી ખાત્રી આપી હતી.

સંસ્કૃત યુનિવર્સિટીના ઉપકુલપતિ કુટુંબશાસ્ત્રી સંસ્કૃત ભારતી સંસ્થાના અખિલ ભારતીય સંગઠન મંત્રી શ્રી દિનેશ કામત વગેરેએ અભિપ્રાય સાથે સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવવા અપીલ કરી હતી.આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી સેક્રેટરી શ્રી પી.કે. લહેરી, ગિર સોમનાથ જિલ્લાના કલેકટર શ્રી સી.પી. પટેલ તેમજ પોલીસ અધિકારી, ટ્રસ્ટના યશોધર ભટ્ટ સહિત હજારો સંસ્કૃત પ્રેમીઓ ઉપસ્થિત રહી સંસ્કૃત ભાષા અંગે રસપ્રદ માહિતી મેળવી હતી. રાજ્યપાલશ્રીના હસ્તે સંસ્કૃત ભારતી દ્વારા ચલાવતા પત્રાચારની હિન્દી આવૃત્તિનું લોકાર્પણ કરાયું હતું. આભારવિધિ રજીસ્ટ્રાર દશરથ જાદવે કરી હતી.

૧૬/૨/૨૦૧૫ - સોમવાર
જયહિન્દ - પેજનંબર - 3

# સોમનાથના આંગણે યોજાયેલા સંમેલનમાં પ્રખર વિદ્વાનોએ સમજાવી સંસ્કૃતની મહત્વતા

## મહાનુભાવો ઉપરાંત એકાદ હજારથી વધુ સંસ્કૃત પ્રેમીઓની ઉપસ્થિતિ



પ્રભાસ પાટણ ખાતેના સંસ્કૃતિ સંમેલનમાં મંચસ્થ મહાનુભાવો નજરે પડે છે. (તસ્વીર : દેવાભાઈ રાઠોડ)

પ્રભાસ પાટણ તા.૧૫

શ્રી સોમનાથ ટ્રસ્ટ તથા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સહયોગથી ગીર-સોમનાથ જીલ્લાની સંસ્કૃતિ પ્રેમી શૈક્ષણીક તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા આજરોજ સમગ્ર ગીર-સોમનાથ જીલ્લાના સંસ્કૃત અનુરાગી લોકોનું વિશાળ સંમેલન સોમનાથ મંદિરના પ્રાંગણમાં સંપન્ન થયું. આ સાથે જ તા.૬ થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન જીલ્લાના પ્રત્યેક તાલુકામાં ચાલી રહેલી સંસ્કૃત સંભાષણ શિબિરોનું સમાપન પણ થયું. આ સંમેલનમાં ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલી કૃષિ અને નાગરીક ઉડ્ડયન (રાજયકક્ષા)મંત્રી જસાભાઇ બારડ અને ગીર-સોમનાથ જીલ્લાના કલેકટર સી.પી.પટેલ સહિત અનેક ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃત ભારતી, ગુજરાત આ સંમેલનની સંયોજીકા હતી. સંસ્કૃતભારતી સંસ્કૃત ભાષાને જનભાષા બનાવવા ગત ૩૦ વર્ષોથી ભારત તથા વિદેશોમાં સંસ્કૃત સંભાષણ આંદોલન ચલાવી રહી છે.

આપણી પ્રચલીત ભારતીય ભાષાઓના અડધાથી વધારે શબ્દો સંસ્કૃતમાંથી જ આવેલા હોવાના કારણે કોઇપણ ભારતીય વ્યકિત માટે સંસ્કૃત શીખવું તદન સહેલું છે. પણ સંસ્કૃત ભાષાના વ્યવહારિક જ્ઞાન વગર જ માત્ર અનુવાદ શિક્ષણ, વ્યાકરણ શિક્ષણ અને રૂપો ગોખવાથી લોકોને આ ભાષા શુષ્ક અને કઠીન જણાય છે. સંસ્કૃતક્ષેત્રમાં ફેલાયેલી ઉદાસીનતાને દૂર કરી નવચૈતન્યનો સંચાર કરવાના ઉદેશથી ગીર-સોમનાથ જીલ્લા સંસ્કૃત સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં કેવળ સંસ્કૃત પંડીતો નહી પણ સંસ્કૃત માટે પ્રેમ અને ગૌરવ ધરાવતા જીલ્લાના ૧૦૦૦થી વધારે સામાન્ય લોકો જોડાયા હતા. આ વર્ષે સંસ્કૃતભારતી સમગ્ર ભારતમાં અનેક મહત્વપૂર્ણ સ્થળો પર સંસ્કૃત અનુરાગી લોકોના આવા વિશાળ સંમેલનો યોજી રહી છે. આથી પૂર્વે બેંગલુરૂ, ગોવા, કાશી, કચ્છ, સુરેન્દ્રનગર ઇત્યિાદી સ્થળો પર બાબા રામદેવ, મનોહર પાર્રિકર, સ્મૃતિ ઇરાની, ઇત્યિાદીની ઉપસ્થિતિમાં આવા અનેક સંમેલનો સંપન્ન થઇ ચુકયા છે. ગીર-સોમનાથ જીલ્લા સંસ્કૃત સંમેલન આ જ શુંખલાનો એક ભાગ હતું.

આ સંમેલનનો શુભારંભ કલેકટર દ્વારા સંસ્કૃત વિજ્ઞાન પ્રદર્શિની, સંસ્કૃત સાહિત્ય ગૌરવ પ્રદર્શિની અને વસ્તુ પ્રદર્શિનીના ઉદઘાટનથી થયું. સંસ્કૃત ગૌરવ પ્રદર્શિની આપણા સમૃધ્ધ સંસ્કૃત સાહિત્યનું અને સંસ્કૃત વિજ્ઞાન પ્રદર્શિની સંસ્કૃત ભાષામાં લખાયેલી વિભિન્ન વૈજ્ઞાનીક બાબતો અને આપણા પૂર્વજોની તર્કશુધ્ધ ચિંતન પધ્ધતિનો પરિચય કરાવતી હતી. સંસ્કૃત વસ્તુ પ્રદર્શિનીમાં દૈનિક જીવનમાં ઉપયોગી અનેક વસ્તુઓના વાચક સંસ્કૃત શબ્દોનો પરિચય મળતો હતો.

સંમેલનની ઔપચારીક સભામાં રાષ્ટ્રપતિ પુરસ્કારથી વિભૂષિત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.વેમ્પટી કુટુંબશાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું. મુખ્ય વકતા રૂપે ઉપસ્થિત સંસ્કૃત ભારતીના માનનીય અખિલ ભારતીય સંઘટન મંત્રી દિનેશ કામત, રાજયપાલ તથા મંત્રીએ સંસ્કૃતના મહત્વ ઉપર પ્રકાશ પાડયો, સંસ્કૃત ભારતી દ્વારા ચલાવવામાં આવતી પત્રચાર દ્વારા સંસ્કૃત શિક્ષણ યોજનાના પાઠયપુસ્તકની હિન્દી આવૃતિનું લોકાર્પણ કરવામાં આવ્યું. તદુપરાંત સંસ્કૃત ભાષાના સંરક્ષણ અને વિકાસ માટે ઠરાવ (પ્રસ્તાવ) સર્વાનુમતીથી પારિત કરવામાં આવ્યા.

સંસ્કૃત ભાષામાં કેળવ શાસ્ત્રોની ચર્ચા જ નહી. પણ દૈનિક વ્યવહાર પણ સંભવ છે એ વાત મનોરંજક પધ્ધતિથી પ્રેક્ષકો સુધી પહોંચાડતો સંસ્કૃત ગરબા ગીતો, નૃત્ય, સંવાદો, યોગપ્રદર્શન ઇત્યાદીથી સભર અધ્ધુત સાંસ્કૃતિક કાર્યક્રમ ઔપચારીક સભાના અંતે રજુ કરવામાં આવ્યો.

### મહાનુભાવોના વકતવ્યો

જે.ડી.પરમાર (ટ્રસ્ટી સોમનાથ) શ્રી સોમનાથ ટ્રસ્ટે સંસ્કૃતભાષા માટે ઘણું યોગદાન આપ્યું છે અને સંસ્કૃત માટે પ્રદાન કરવા શ્રી સોમનાથ ટ્રસ્ટ કટિબધ્ધ છે. સંસ્કૃતભારતીના આ પ્રયત્ન માટે અભિનંદન.

વી.કુટુમ્બ શાસ્ત્રીજી (કુલપતિ સોમનાથ યુનિવર્સિટી) સંસ્કૃત ભારતીએ સંસ્કૃત પ્રચારનું જે અદભૂત કાર્ય કર્યુ છે. તે માટે હું અભિનંદન આપુ છું. સીતા અને હનુમાનના સંવાદની ભાષા સંસ્કૃત હતી.

દિનેશ કામત (અખીલ ભારતી-સંસ્કૃત ભારતી) સંસ્કૃત સંમેલનનું આયોજન વિવિધ સંસ્થાઓ મળીને જિલ્લા [illegible] સમગ્ર ભારત દેશમાં આંદોલન રૂપમાં આ વર્ષે સંસ્કૃતભારતી દ્વારા થઇ રહ્યા છે. ભારતની ભાષા સંસ્કૃત છે. સંસ્કૃતને છોડી દેવાથી જ આપણી ભાષાઓ ભ્રષ્ટ થઇ ગઇ છે. ભાષાઓની રક્ષા કરવા માટે સંસ્કૃત ભાષા અનિવાર્ય છે. ભાવાના ચૈકય માટે, ઉચ્ચનીય ભેદભાવ નિવારણ માટે સંસ્કૃત ભારતીય ઓળખાણ માટે સંસ્કૃત.

દિવા વડે સૂર્યનું કામ નથી તેમ ગ્રુપ સંસ્કૃત વડે જ સમસ્યાનું સમાધાન મળે છે. સંસ્કારો માટે સંસ્કૃત આવશ્યક છે. સંસ્કૃતએ પરિપૂર્ણ ભાષા છે. સંસ્કૃત ઉચ્ચારણથી સ્વાસ્થય સારૂ થાય છે. બુધ્ધિ વિકસીત બને છે. ભાવ પણ વિકસીત બને છે. બૈલગાડીથી મંગળ સુધી લઇ જનારી આ ભાષા છે. સંસ્કૃતિ માટેના સાચા માર્ગદર્શન માટે સંસ્કૃત સંમેલન સંસ્કૃત ઘરના નિર્માણ માટે, બાળકોના સંસ્કાર માટે સંસ્કૃત સંમેલન, ભાષા ફકત વિચારોનું આદાન પ્રદાન-જ નથી. કરતી પરંતુ સંસ્કારોનું વહન કરે છે. શબ્દોની વિપુલતા સંસ્કૃતમાં છે. ઓકસફોર્ડ, શબ્દ કોશમાં ૨૦૦૦ સંસ્કૃત શ્લોક છે. નામ તે સમજવાથી આપણું લાભ થાય છે.

આ તકે કલેકટર સી.પી.પટેલ, સોમનાથ ટ્રસ્ટી, સેક્રેટરી પી.કે.લહરી, તેમજ અન્ય મહાનુભાવો અને સંસ્કૃત ભારતીનાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપેલ. આભાર વિધિ દશરથ જાદવે કરેલ અને આભારવિધિ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ હતો.

૧૬/૨/૨૦૧૫ - સોમવાર -

જયહિન્દ - પેજ નંબર - ૩

SANDESH RAJKOT

રાષ્ટ્રીય સેમીનારમાં ૧૫૦ વિદ્વાનો, વિદ્યાર્થીઓએ રજૂ કર્યા સંશોધન પત્ર

# જૂનાગઢમાં સંસ્કૃતવર્યોએ લીધી 'ભાષા'ને પ્રેમ કરવાની પ્રતિજ્ઞા

(પ્રતિનિધિ) જૂનાગઢ, તા.૧૫

સંસ્કૃતની સાધના દ્વારા પ્રેમ કરીને વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી જૂનાગઢમાં સાક્ષરોએ કરી હતી. ભાષાને પ્રેમ કરવાની પ્રતિજ્ઞા લેતા રાષ્ટ્રીયકક્ષાના આ સેમીનારમાં હાજર પ્રબુદ્ધોએ ભારતની પ્રાદેશિક ભાષાઓ ઉપર સરેરાશ ૫૦ ટકા સંસ્કૃતનો પ્રભાવ હોવાનું તારણ વ્યક્ત કર્યું હતું. સાથે સાથે સંસ્કૃતને શબ્દનું અર્થ પ્રમાણે પુરેપુરૂ પરિવહન કરતી વિશ્વની એકમાત્ર ભાષા ગણાવી હતી.

## ભારતની પ્રાદેશિક ભાષાઓમાં સરેરાશ ૫૦ ટકા સંસ્કૃતનો પ્રભાવ

ફોટો : ધીરૂ પુરોહિત




જૂનાગઢના ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ અને ભેંસાણની સરકારી વિનયન કોલેજના ઉપક્રમે યોજાયેલા આ સેમીનારમાં રાષ્ટ્રચિંતક સ્વામી ધર્મબંધુજીએ જણાવ્યું હતું કે, દરેક સમાજ અને સંસ્કૃતિની મહત્તા તથા પ્રભૂતા ભાષા પર જ નિર્ભર હોય છે. સંસ્કૃત અનામી છે, તે ક્યારેય કાળનો ભોગ નહી બને. ભારતની દરેક પ્રાદેશિક ભાષામાં સરેરાશ ૫૦ ટકા સંસ્કૃતનો પ્રભાવ છે.

સંસ્કૃત ભાષા ઉપર ક્યારેય કોઈનો પ્રભાવ રહ્યો નથી. ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર ડો.કમલેશ ચોક્સીએ કહ્યું હતું કે, પૂર્વજો તરફથી આપણને ત્રણ વસ્તુ મળી છે. શરીર, ધન, જ્ઞાન. જ્ઞાનના પ્રચારનું માધ્યમ ભાષા છે. પૂર્વજોએ મેળવેલું જ્ઞાન ભાવિ પ્રજા સુધી પહોંચાડવાની મહત્વપૂર્ણ જવાબદારી સંસ્કૃત ઉપર છે. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ચાણક્યનું નીતિ શાસ્ત્ર કે દરેક ગ્રંથો સંસ્કૃતમાં જ છે. માટે સંસ્કૃતને પ્રેમ તરીકે સ્વિકારી તેનું જતન કરવાનો અનુરોધ તેમણે કર્યો હતો.

સોમનાથ સંસ્કૃત યુનિ.ના અનુસ્નાતક ભવનના અધ્યક્ષ ડો.દેવેન્દ્રનાથ પાન્ડેયએ સંસ્કૃતમાં આપેલા પોતાના પ્રવચનમાં આજની આતંકવાદ, ગરીબી જેવી દરેક સમસ્યાઓનો ઉકેલ વેદોમાં હોવાનું જણાવતા કહ્યું હતું કે, સંસ્કૃત વિશ્વભાષા છે. શબ્દનું અર્થઘટન પ્રમાણે પુરેપુરૂ પરિવહન કરતી હોય તેવી વિશ્વની એકમાત્ર ભાષા સંસ્કૃત છે. દ્વારકાધીશ એકેડેમીના નિયામક ડો.જયપ્રકાશ નારાયણ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, સંસ્કૃત દેવોની ભાષા છે, તેનો મતલબ સર્વસ્વિકૃત છે. સંસ્કૃતની સ્તુતી, મંત્ર કે રૂચા વાતાવરણને એટલું બધુ એકરૂપ બનાવી દે છે કે વાંચનાર, અનુભવનાર અને માણનાર તેનામય બની જાય છે. સંસ્કૃતની હકારાત્મકતા અદભુત સર્જન કરે છે. આ તકે રમણીકભાઈ વ્યાસ, ભોગીભાઈ ભટ્ટ, ભાસ્કરભાઈ ઉપાધ્યાય, શામજીભાઈ ઉસદડિયા વગેરે નિષ્ણાંતો હાજર રહ્યા હતાં. ભેંસાણ કોલેજના આચાર્ય ડો.વિશાલ જોષીના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યપકોએ સેમીનારની વ્યવસ્થા જાળવી હતી.

ફોટો : હરીશ કક્કડ




# ગીતા જેવો મહાન ગ્રંથ સંસ્કૃત ભાષાની દેન : રાજ્યપાલ કોહલી

## સંસ્કૃત સંભાષણ કાર્યક્રમમાં રાજ્યપાલે સંસ્કૃત પ્રેમીઓને પ્રોત્સાહીત કર્યા

વેરાવળ, તા.૧૫

સોમનાથ ખાતે સોમનાથ ટ્રસ્ટ અને સોમનાથ સંસ્કૃત યુનિ.ના સંસ્કૃત સંભષણ કાર્યક્રમ જેમાં ગીર સોમનાથ જીલ્લાના સંસ્કૃત પ્રેમીઓ પોતે પણ સંસ્કૃત વાણી વ્યવહારમાં પણ તેનો ઉપયોગ કરી શકે તે માટે સંસ્કૃત સંભષણ કઇ રીતે કરી શકાય તેનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યપાલે સંસ્કૃત ભાષાના ગુણગાન ગાઇ ગીતાજી જેવા મહત્વના ગ્રંથની મહામૂલી ભેટ આપણને આપી છે તેમ જણાવ્યુ હતુ.

સોમનાથ ટ્રસ્ટ અને સોમનાથ સંસ્કૃત યુનિ.ના સંયુક્ત ઉપક્રમે ગીર સોમનાથ જીલ્લામાં સંસ્કૃતનો પ્રચાર પ્રસાર થાય અને જેને સંસ્કૃત ન આવડતુ હોય તે પણ સંસ્કૃત બોલી અને ઐતિહાસિક વિરાસતને [illegible]ી લાવી શકે તેમજ સંસ્કૃતના ગ્રંથોમાં પડેલુ જ્ઞાન મેળવી અને સમજી શકે તે માટે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેલા રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીએ સંસ્કૃત ભાષાને અદ્ભુત ભાષા કહી આ ભાષા દ્વારા આપણને ગીતા, કાદમ્બરી, ચાણક્યનિતિ, ખગોળશાસ્ત્ર,વાસ્તુશાસ્ત્ર જેવા મહત્વના અને વિશ્વ આખાને ઉપયોગી થાય તેવા ગ્રંથો આપી સાહિત્યમાં પ્રદાન કર્યુ છે. જીવન જીવવાની વિવિધતાને આવરી લઇ સાચી દિશા આપે છે તેમ જણાવ્યુ હતું. ૫૦૦ જેટલા પ્રચાર પ્રસારના કાર્યક્રમથી જન જન સુધી આ ભાષા પહોંચશે તે આવકારદાયક ગણાવ્યુ હતું. વિદેશી સંસ્કૃત પ્રેમી હોરેસ વિલ્સન, પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના વિચારો પણ રજુ કર્યા હતા.

# સોમનાથમાં ૧૫ અને ૧૬મીએ સંસ્કૃત સંમેલન તથા પદવીદાન સમારંભ

## રાજ્યપાલ કોહલી બંને દિવસના કાર્યક્રમમાં હાજરી આપશે

વેરાવળ, તા.૧૩: ગુજરાતના રાજ્યપાલ કોહલી સોમનાથની મુલાકાતે તા.૧૫ અને ૧૬ આવી રહેલ છે. તેઓ અહીં સંસ્કૃત સંભારણના કાર્યક્રમ ઉપરાંત એશિયાટીક સિંહોના રહેઠાણ સાસણની મુલાકાત સાથે વેરાવળમાં યોજાનાર સંસ્કૃત યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં હાજરી આપનાર છે.

સોમનાથ ટ્રસ્ટ તથા સોમનાથ સંસ્કૃત યુનિ.ના સહયોગથી ગીર-સોમનાથની સંસ્કૃતપ્રેમી શૈક્ષણિક તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા તા.૧૫ને રવિવારે બપોરે બેથી સાંજે સાત સુધી સંસ્કૃત સંભાષણ શિબિર અભિયાન સમન્વિત વિશાળ સંસ્કૃત સંમેલન સોમનાથ મંદિર પરિસરમાં સરદાર પટેલની પ્રતિમા પાસે યોજાશે. આ સંમેલનમાં એક હજાર જેટલા લોકો ઉપસ્થિત રહેશે તેવો અંદાજ છે. રાજ્યપાલનું સંબોધન, પ્રદર્શન, સાંસ્કૃતિ કાર્યક્રમ, યોગ પ્રદર્શન સહિતના કાર્યક્રમો થશે.

આ શિબિર પૂર્વે માહિતી આપતા સંસ્કૃત યુનિ. કુલપતિ કુટુંબ શાસ્ત્રી તથા સોમનાથ ટ્રસ્ટી જે.ડી. પરમારના જણાવ્યા મુજબ સંસ્કૃતનો પ્રચાર અને પ્રસાર કરવાનો ટ્રસ્ટનો હેતુ છે સોમનાથ ભૂમિને સંસ્કૃતનગર બનાવવાની અમારી કટીબધ્ધતા હોય આજે આ વિસ્તારમાં ડોકટરો, વૈજ્ઞાનિકો સંસ્કૃતમાં રૂચિ લઇ રહ્યાં છે અને સંસ્કૃત સંભાષણ વર્ગો પણ ચાલી રહ્યાં છે.

રાજ્યપાલ કોહલી તા.૧૫ના બપોરે સોમનાથ ખાતે પધારી સંસ્કૃત સંભારણના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સાંજે ભોળાનાથના દર્શન, આરતી સાથે પૂજા- અર્ચન કરી લાઇટ એન્ડ સાઉન્ડ શોનો કાર્યક્રમ નિહાળશે. પછી રાત્રી રોકાણ અર્થે સાસણ જવા રવાના થશે. બીજા દિવસે સવારે સિંહ દર્શન કર્યા બાદ ૧૧ વાગ્યે પરત વેરાવળ ફરી સંસ્કૃત યુનિ.ના પદવીદાન સમારોહ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ચુડાસમાની સાથે હાજરી આપી ૧૭૦૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરશે.

૧૩/૨/૨૦૧૫ – શુક્રવાર

– ફૂલછાબ રાજકોટ આવૃત્તિ

પેજ નંબર-૬

જયહિન્દ - ૧૫/૨/૧૫ - પેજ નંબર-૯.

## ગીર-સોમનાથ જીલ્લાના વર્તમાન

# તા.૧૬-૧૭ના રોજ સોમનાથ ઉત્સવ

## આજથી બે દિવસ રાજયપાલ મુલાકાતે આવશે

વેરાવળ તા.૧૪

ભગવાન ભોળાનાથના સાનિધ્યે તા.૧૬ અને ૧૭ ફેબ્રુ.ના રોજ સોમનાથ મંદિર પરિસરમાં સોમનાથ ઉત્સવમાં અંતર્ગત શીવ વંદના અને લોક સાંસ્કૃતિક કાર્યક્રમની જમાવટ થશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગર અને જીલ્લા વહિવટીતંત્ર દ્વારા આયોજીત આ કાર્યક્રમનું કૃષિ રાજયમંત્રી જશાભાઇ બારડ તા.૧૬ ફેબ્રુ.ના સાંજે ૮ કલાકે ઉદઘાટન કરશે. આ સમારંભના મુખ્ય મહેમાન સંસદીય સચિવ જે.ડી.સોલંકી અને ખાસ મહેમાન જીલ્લા પંચાયતના પ્રમુખ હરીભાઇ સોલંકી ઉપસ્થિત રહેશે. ઉપરાંત સાંસદ રાજેશભાઇ ચુડાસમા, ચુનિભાઇ ગોહેલ, ધારાસભ્ય જશુભાઇ બારડ, પુંજાભાઇ વંશ, વેરાવળ નગરપાલિકા પ્રમુખ રવિભાઇ ગોહેલ, સોમનાથ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટ પી.કે.લહેરી ઉપસ્થિત રહેશે.

સોમનાથ ઉત્સવ અંતર્ગત તા.૧૬ના રોજ સાંજે ૮ કલાકે ઉદઘાટન બાદ જાણીતા કલાકારો આદિત્ય ગઢવી, કુ.રેખા વાળા અને સુખદેવ ધાંધલીયા દ્વારા લોક સાંસ્તૃકિ કાર્યક્રમ અને તા.૧૭ના રોજ શિવ-વંદનામાં રાત્રે ૮:૩૦ કલાકે બીનાબેન મહેતા દ્વારા શિવ નૃત્ય અને નયન પંચોલી દ્વારા શિવજીને સંગીતાભિષેક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમને માણવા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગના સચિવ ભાગ્યેશ જહા અને કમિશ્નર કૌશિક ભીમજીયાણી અને ગીર સોમનાથ જીલ્લા કલેકટર સી.પી.પટેલે અનુરોધ કર્યો છે.

**રાજયપાલની મુલાકાત**

ગુજરાતના રાજયપાલ કોહલી ગીર-સોમનાથ જીલ્લાના વડામથક સોમનાથની મુલાકાતે આવતી કાલે તા.૧૫ તથા તા.૧૬ ના બે દિવસીય મુલાકાતે આવી રહેલ છે અને આ મુલાકાત દરમ્યાન સંસ્કૃત સંભાષણ કાર્યક્રમ ઉપરાંત એશીયાટીંક સિંહોના રહેઠાંણ સાસણની મુલાકાત સાથે વેરાવળમાં યોજાનાર સંસ્કૃત યુનીવર્સીટીના પદવીદાન સમારોહમાં હાજરી આપનાર છે.

સોમનાથ ટ્રસ્ટ તથા સોમનાથ સંસ્કૃત યુની. ના સહયોગથી ગીર-સોમનાથની સંસ્કૃત પ્રેમી શૈક્ષણિક તથા ધાર્મીક સંસ્થાઓ દ્વારા આવતી કાલે તા.૧૫ ના રવિવારે બપોર બે થી સાંજે સાત સુધી સંસ્કૃત સંભાષણ શિબિર અભિયાન સમન્વિત વિશાળ સંસ્કૃત સંમેલન સોમનાથ મંદિર પરીસરમાં સરદાર પટેલની પ્રતિમા પાસે યોજાનાર છે. આ સંમેલનમાં એક હજાર જેટલા લોકો ઉપસ્થિત રહેશે તેવો આયોજકોને અંદાજ છે. રાજયપાલનું સંબોધન, પ્રદર્શન, સાંસ્કૃતિ કાર્યક્રમ, યોગ પ્રદર્શન સહિતના કાર્યક્રમો આ પ્રસંગે યોજાનાર છે.

આ શિબિર પૂર્વે માહિતી આપતા સંસ્કૃત યુની. કુલપતિ કુંટુંબશાસ્ત્રી તથા સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમારે પત્રકાર પરીષદમાં જણાવેલ કે, સંસ્કૃતનો પ્રચાર અને પ્રસાર કરવાનો ટ્રસ્ટનો હેતું છે જેને અમે જવાબદારી અને ફરજ ગણીએ છીએ. સોમનાથ ભૂમીને સંસ્કૃતનગર બનાવવાની અમારી કટીબધ્ધતા હોય આજે આ વિસ્તારમાં ડોકટરો, વૈજ્ઞાનિકો સંસ્કૃતમાં રૂચી લઇ રહયા છે અને સંસ્કૃત સંભાષણ વર્ગો પણ ચાલી રહયા છે.

રાજયપાલ કોહલી તા.૧૫ ના રોજ બપોરે સોમનાથ ખાતે પધારી સંસ્કૃત સભાષણના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સાંજે ભોળાનાથના દર્શન, આરતી સાથે પૂજા-અર્ચન કરી લાઇટ એન્ડ સાઉન્ડ શોનો કાર્યક્રમ નિહાળ્યા બાદ તેંઓ રાત્રી રોકાણ અર્થે સાસણ જવા રવાના થશે. બીજા દિવસે સવારે સિંહ દર્શન કર્યા બાદ અગીયાર વાગ્યે પરત વેરાવળ ફરી સંસ્કૃત યુની. ના પદવીદાન સમારોહ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ચુડાસમાની સાથે હાજરી આપી ૧૭૦૧ વિધાર્થીઓને પદવી એનાયત કરનાર હોવાનું જાણવા મળેલ છે.

**તુરક સમાજનાં છાત્રોનું સન્માન**

વેરાવળમાં સમસ્ત તુરક સમાજના ૧૦૦ થી વધુ તેજસ્વી વિધાર્થીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ ડેરાવાલા ગ્રૃપ તથા વેલ્ફેર ગ્રૃપ દ્વારા યોજાયેલ હતો.

વેરાવળમાં તુરક જમાતખાનામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ધો. ૧ થી ડીગ્રી કોર્ષ સુધીના ૧૦૮ જેટલા વિધાર્થીઓને પ્રોત્સાહીત કરાયેલ હતા. આ તકે બોર્ડની પરીક્ષાઓ નજીક આવતી હોવાથી ધો.૧૦-૧૨ ના વિધાર્થીઓને માર્ગદર્શન આપવા સેમીનારનું આયોજન કરાયેલ જેમાં આઇ.ડી. ચૌહાણ હાઇસ્કૂલના આચાર્ય કાલવાત, શિક્ષક સુલેમાનભાઇ ચાંદ સહીતનાએ પરીક્ષા અંગે માર્ગદર્શન આપી કેમેરાની દેખરેખ હેઠળ નિર્ભય રીતે પરીક્ષા આપવા જણાવેલ હતું. આ કાર્યક્રમમાં સમસ્ત મુસ્લીમ સેવા સમાજના પ્રમુખ ગફારભાઇ ચાંચીયા, તુરક સમાજના પ્રમુખ હનીફભાઇ ચૌહાણ, મેમણ સમાજના અગ્રણી મહમદભાઇ સોરઠીયા, નિવૃત આચાર્ય ખાન, ફારૂકભાઇ બુઢીયા સહીતનાએ પ્રાસંગીક ઉદબોધન કરી સમાજને શિક્ષણના માધ્યમથી આગળ લાવવા આહવાન કરેલ હતું. આ પ્રસંગે સ્પર્ધાત્મક પરીક્ષા માટે જાગૃતિ લાવવા સલાહકાર સુલેમાનભાઇ ચાંદ એ ચાલુ કાર્યક્રમમાં સ્પર્ધા યોજેલ જેમાં જવાબ આપનાર વિધાર્થીઓને ઉપસ્થિત અગ્રણીઓના હસ્તે ઇનામો આપેલ હતા. આ કાર્યક્રમમાં તુરક સમાજના ઉપ પ્રમુખ ઇમરાનભાઇ રામશા, જાવીદભાઇ તાજવાણી, વેલ્ફેર ગ્રૃપના હનીભાઇ દોલત, યાસીનભાઇ મીર્ઝા, અબુભાઇ તાઇ, હાસમભાઇ મુસાગરા, આલમ મીઝા, ચીસ્તીબાપુ સહીતના દરેક જમાતોના પ્રમુખો, આચાર્યો, શિક્ષકો, વાલીઓ હાજર રહેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડેરાવાલા ગ્રૃપના પ્રમુખ સલીમભાઇ સેલત, અલીભાઇ રામશા, રફીકભાઇ રામશા, હનીફ ધુલીયા સહીતનાએ જહેમત ઉઠાવેલ હતી. અંતે આભાર વિધી અ.રહેમાન એ કરેલ જયારે સંચાલન સાજીદભાઇએ કરેલ હતું.

# ખંભાળીયામાં સોમવારથી જીલ્લા એસીબી કચેરીનો થશે પ્રારંભ

## નવરચીત દ્વારકા જીલ્લામાં એસીબી કચેરી થશે કાર્યરત

ખંભાળીયા તા.૧૪

નવા નિર્માણ પામેલા દેવભૂમિ દ્વારકા જીલ્લામાં લાશ રૂશ્વત વિરોધી બ્યુરોનો પ્રારંભ જીલ્લાના મુખ્ય મથક ખંભાળીયા ખાતે સોમવાર તા.૧૬મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યાથી થનાર છે.ખંભાળીયામાં વિનાયક સોસાયટી વિસ્તારમાં રેલ્વે ફાટક પાસે શરૂ થનાર દેવભૂમિ દ્વારકા એસીબી પોલીસ સ્ટેશના પ્રારંભ પ્રસંગે ઉદઘાટક તરીકે અમદાવાદના મુખ્ય પોલીસ અધિકારી અને નિયામક (એસીબી) શ્રી આશિષ ભાટીયા તેમજ મુખ્ય મહેમાન તરીકે રાજકોટ એકમના મદદનીશ નિયામક આર.એસ.પટેલ ખાસ ઉપસ્થિત રહેનાર છે.આ અંગે નિમંત્રીતોને ઉપસ્થિત રહેવા તથા વધુ વિગત અને જરૂરી માહિતી માટે જીલ્લા એસીબીના પી.આઇ. એચ.પી.દોશી (મો.૯૯૨૫૩ ૧૧૩૩૩) દ્વારા અપીલ કરાઇ છે.જીલ્લામાં આ મહત્વની કચેરીનો પ્રારંભ થયે લાંચ-રૂશ્વતના ગુનાઓ પર બ્રેક લાગશે તેવા પ્રતિભાવો પણ વ્યકત કરાઇ રહ્યાં છે.